# સોરઠ ઈન્ટરનેશનલ સ્કૂલ, જુનાગઢ

**ધોરણ :- 10** **પેપર – 5** **વિષય - ગુજરાતી**

**સૂચના :-** 1. આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.
2. દરેક વિભાગના ગુણ 20 છે.
3. જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલગુણ દર્શાવે છે.

## વિભાગ – A (ગદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો:** (04)

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1) 'ગતિભંગ' | અ) નવલકથાખંડ |
| 2) 'ચોપડાની ઈન્દ્રજાળ' | બ) નવલિકા |
| 3) 'રેસનો ઘોડો' | ક) ચરિત્રનિબંધ |
| 4) 'ભૂખથીય ભૂંડી ભીખ' | ડ) આત્મકથાખંડ |
| | ઈ) લઘુકથા |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો:** (04)

1) "કોઈવાર થાય કે"- એ _____ નો સંગ્રહ છે. (વર્ષા અડાલજા, પન્નાલાલ પટેલ, ગુણવંત શાહ, રઘુવીર ચૌધરી)
2) ______ એવી જાળ કે જેમાંથી ગરીબ ક્યારેય છટકી શકતો નથી. (કરોળિયાની, કરંડિયાની, ચોપડાની, પુસ્તકની)
3) 'ભૂખથીય ભૂંડી ભીખ'માં ______ પરિસ્થિતિનું આલેખન છે. (છપ્પનિયા દુષ્કાળની, બાવનિયા દુષ્કાળની, ત્રેપનિયા દુષ્કાળની, ધરતીકંપની)
4) આત્માપ્રિત અપૂર્વજીએ ______ નું શિષ્યત્વ સ્વીકાર્યું છે. (શ્રીમદ્ રાજચન્દ્ર, શ્રી રાકેશભાઈ, શ્રી મનોજભાઈ, શ્રી સત્ય સાંઈ)

**(ક) નીચે આપેલ પ્રશ્નોનાં એક – એક વાક્યમાં ઉત્તર લખો:** (02)

1) અમરનાથ જતાં મજૂરોને શી તકલીફ પડવા લાગી?
2) આંબા પટેલ બે બકરીઓ ક્યાંથી લઈ આવ્યા હતા?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ – ચાર વાક્યોમાં ઉત્તર લખો: કોઈપણ બે)** (04)

1) 'જન્મોત્સવ' વાર્તાનું સમાપન શાનો સંકેત આપે છે?
2) "લ્યો હેંડો હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું?" તેમ ડુંગરની પાણીએ શા માટે કહ્યું?
3) શ્રીમદ્‌માં પરહિત અને પરોપકારની ભાવના હતી તે દર્શાવતો પ્રસંગો વર્ણવો.

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ - દસ વાક્યોમાં ઉત્તર લખો: (કોઈપણ બે)** (06)

1) 'હિમાલયમાં એક સાહસ' પાઠને આધારે જવાહરલાલ નેહરુના વ્યક્તિત્વ વિશે નોંધ લખો.
2) અમદાવાદ-રાજકોટ મુસાફરી દરમિયાન ખોવાયેલી છત્રીની કથા પાઠને આધારે લખો.
3) 'રેસનો ઘોડો' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

## વિભાગ – B (પદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો:** (04)

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1) 'દીકરી' | અ) ઊર્મિકાવ્ય |
| 2) 'શીલવંત સાધુને' | બ) લોકગીત |
| 3) 'વતનથી વિદાય થતાં' | ક) ભજન |
| 4) 'શિકારીને' | ડ) ગઝલ |
| | ઈ) સૉનેટ |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો:** (04)

1) 'માધવને દીઠો છે ક્યાંય?' કૃતિ ______ ક્યા સંગ્રહમાંથી લેવામાં આવી છે. ('મૌન', 'અંતરિક્ષ', 'શ્રુતિ', 'ચાલ વરસાદની મોસમ છે')
2) 'દીવસો જુદાઈના જાય છે' ગઝલમાં ______ ભાવ પ્રગટ થયેલો છે. (ઈશ્કે હક્કિ, ઈશ્કે મિજાજી, તિરસ્કારનો, જીવનના પાગલપણાનો)
3) 'એક બપોરે' કાવ્યમાં પ્રિયતમા કે પ્રેયસીના પ્રતીક તરીકે ______ ને લીધેલ છે. (કુંજલડી, કબૂતર, સારસી, ઢેલ)
4) અત્યંત લાઘવથી કોઈ પ્રસંગ કે ભાવ ______ વ્યક્ત થાય છે. (હાઈકુમાં, મુક્તકમાં, સૉનેટમાં, દુહામાં)

**(ક) નીચે આપેલ પ્રશ્નોનાં એક – એક વાક્યમાં ઉત્તર લખો:** **(02)**

1) મનમાં ભલે દૂ:ખોની અગ્નિ હોય પણ બહારથી શું રાખવાનું છે?

2) 'રઢિયાળી રાત' સંગ્રહનું સંપાદન કોણે કરેલું છે?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ – ચાર વાક્યોમાં ઉત્તર લખો:(કોઈપણ બે)** **(04)**

1) શત્રુ અને મિત્ર સાથે શીલવંત સાધુ કેવો વ્યવહાર કરે છે?

2) દીકરીને માથે હાથ ફેરવવો અને દીકરી હાથ દે એમાં શો ફરક છે?

3) કવિ કઈ અરજ કરે છે?

**(ઇ) નીચે આપેલા પ્રશ્નોના આઠ - દસ વાક્યોમાં ઉત્તર લખો: (કોઈપણ બે)** **(06)**

1) નરસિંહ મહેતાએ 'વૈષ્ણવજન'માં જણાવેલા લક્ષણો વર્ણવો.

2) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ પોતે ગુજરાતી હોવાનું ગૌરવ ક્યા ક્યા કારણોસર અનુભવે છે?

3) 'શિકારીને' કાવ્યમાં કવિ પ્રકૃતિજગત અને પ્રાણીજગતનું સોહાર્દ કઈ રીતે કરે છે?

## <u>વિભાગ – C (વ્યાકરણ વિભાગ)</u>

• **માગ્યા મુજબ ઉત્તર લખો:**

⇨ **નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો:**

1) **આપેલ શબ્દોની સાચી જોડણી શોધીને લખો:** - દિલગિરિ (દીલગિરિ, દિલગીરી, દિલગીરિ) - પ્રસંશા (પ્રસંસા, પ્રશંસા, પ્રશંશા) **(01)**

2) **આપેલ શબ્દની સંધિ કરો:** - 'પરિ + ચિત' (પરીચિત, પરિચિત, પરિચીત) **(01)**

3) **આપેલ શબ્દનો સમાસ ઓળખવો:** - કબીરવડ (તત્પુરુષ, ઉપપદ, મધ્યમપદલોપી) **(01)**

4) **યોગ્ય જોડકાં જોડો:** **(01)**

| **અ** | **બ** |
|---|---|
| કર્તરિ વાક્યરચના | જીવલાથી શી રીતે દેવું ભરાશે? |
| કર્મણિ વાક્યરચના | તેનાથી આગળ ન જવાયું. |
| | સરકાર તરફથી મહેસૂલ વધારો લાગુ કરાયો. |

5) **આપેલ વાક્યમાં રહેલો અલંકાર ઓળખવો:** "મૂળાના પતીકા જેવા રૂપિયા રોકડા કાઢીને આપ્યા છે." (ઉપમા, શ્લેષ, રૂપક) **(01)**

6) **આપેલ શબ્દમાં ક્યો પ્રત્યય લાગેલો છે:** - સજ્જન (પૂર્વપ્રત્યય, પૂર્વ અને પર પ્રત્યય, પરપ્રત્યય) **(01)**

7) **આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દો શોધીને લખો:** - ખોભણ (ગુફા, બકોરું, કાણું) **(01)**

8) **'આભ' સંજ્ઞાનો આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને લખો:** (ભાવવાચક, જાતિવાચક, વ્યક્તિવાચક) **(01)**

9) **આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપો:** - તરણા તોલે હોવું **(01)**

10) **આપેલ કહેવતનો અર્થ આપો:** - બાંધી મુઠ્ઠી લાખની. **(01)**

11) **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો:** - "જેમાં કોઈ દેવને પ્રસન્ન કરવાની શક્તિ માનેલી હોય છે તે ગૂઢ મંત્ર" **(01)**

12) **આપેલ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો:** - આર્દ્ર **(01)**

13) **આપેલ બન્ને શબ્દના જોડણીભેદે થતાં અર્થભેદ જણાવો:** - નિંદવું, નીંદવું **(01)**

14) **આપેલા તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો:** - ભાળવું **(01)**

15) **આપેલ વાક્યમાંથી વિશેષણ શોધીને તેનો પ્રકાર લખો:** - લાલ કિનખાબનો પડદો ખૂલ્યો. **(01)**

16) **આપેલ વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર લખો:** - હવે અમીચંદકાકા હાલીચાલી કે બોલી શકશે નહીં. **(01)**

17) **આપેલ શબ્દના ધ્વનિઘટકો છૂટા પાડો:** - અરવલ્લી **(01)**

18) **આપેલ વાક્યની પ્રેરક રચના બનાવો:** - ભાણેજ ઘોડી પરથી હેઠે ઉતર્યા. **(01)**

19) **આપેલ પંક્તિનો છંદ ઓળખવો:** - "રાગને ત્યાગની વચ્ચે , હૈયું એ ઝૂલતું હતું." **(01)**

20) **વસંતતિલકા છંદ ઓળખાવીને તેનું બંધારણ લખીને જણાવો.** **(01)**

## વિભાગ – D (લેખન સજ્જતા)

**(અ) નીચેની પંક્તિનો આશરે 15 વાક્યમાં અર્થવિસ્તાર કરો.** **(04)**

- કામધેનુને મળે ના એક સૂકું તણખલું; ને લીલાછમ ખેતરો આખલા ચરી જાય છે.

**અથવા**

- જે જન પામે પૂર્ણતા, તે ન કદી ફુલાય; પૂરો ઘટ છલકાય નહીં, અધૂરો ઘટ છલકાય.

**(બ) તમારી શાળામાં ઉજવાયેલા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.** **(04)**

**(ક) નીચે આપેલ ગદ્યખંડનો ત્રીજા ભાગ જેટલો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **(04)**

"મનુષ્યમાત્રનો પોતાના પાડોશી પ્રત્યે પહેલો ધર્મ છે. એમાં પરદેશીનો દ્વેષ નથી અથવા સ્વદેશીનો પક્ષપાત નથી. શરીરધારીની સેવા કરવાની શક્તિને મર્યાદા છે. એ પોતાના પડોશીને મુશ્કેલીથી પહોંચી શકે છે. પોતાના પાડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરાબર પાળે તો જગતમાં કોઈ મદદ વિના દુ:ખી ન થાય. પડોશીની સેવા કરનાર આખા જગતની સેવા કરે છે એમ કહી શકાય. પાડોશી પ્રત્યેના ધર્મનું પાલન કરે એટલે જગત પ્રત્યેના ધર્મનું પાલન. જગતની સેવા બીજી રીતે અશક્ય છે. જે પડોશીને તરછોડે છે ને પોતાના શોખને પૂરે છે તે સ્વેચ્છાચારી છે, સ્વચ્છદી છે, તે કેવળ પોતાના માટે જ જીવે છે. જેને મન આખું જગત કુટુંબ છે તેનામાં બધાની સેવ કરવાની શક્તિ હોવી જોઈએ. જગતની સેવા પડોશની સેવા વડે જ થઈ શકે. - ગાંધીજી

**(ડ) ગમે તે એક વિષય પર મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **(08)**

➔ **પ્રાર્થના જીવનનું બળ**

**મુદ્દા:-** પ્રસ્તાવના – ઈશ્વરના ઋણી – વિવિધ ધર્મોમાં પ્રાર્થના –પ્રાર્થનાની શક્તિ અને તેના ઉદાહરણો – પ્રાર્થનાના સંસ્કાર – ઉપસંહાર

**અથવા**

➔ **નદી તટે સંધ્યા**

**મુદ્દા:-** પ્રસ્તાવના – નદી કિનારાનું પ્રાકૃતિક સૌંદર્ય અને માનવી પર તેની અસર – ઉપસંહાર

**અથવા**

➔ **વૃદ્ધાશ્રમની મુલાકાતે**

**મુદ્દા:-** પ્રસ્તાવના – વૃદ્ધાશ્રમ - વૃદ્ધાશ્રમની મુલાકાત – વૃદ્ધાશ્રમનું પરિસર – વૃદ્ધોનું જીવન – વૃદ્ધનાં મનની વાત – વૃદ્ધાશ્રમની યોગ્યતા – ઉપસંહાર